# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-05-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં સરહદી જિલ્લાઓની સજ્જતા સહિતની સ્થિતિની સમીક્ષા કરી
2. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર સુરક્ષા દળોની હિલચાલ અંગે પોસ્ટ મૂકનાર સામે કાર્યવાહી કરવા આદેશ આપ્યા
3. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકારના તમામ અધિકારીઓ-કર્મચારીઓની રજા રદ કરવામાં આવી
4. કેન્દ્રીય મંત્રી ડૉ. વિરેન્દ્ર કુમારે જણાવ્યું, SEED યોજનાથી વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતી જાતિઓને આવકના સ્ત્રોત વિકસાવવાની તક મળી.
5. રાજ્યમાં કમોસમી વરસાદનું જોર ઘટ્યું- આજે 37 તાલુકામાં વરસાદ નોંધાયો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં સરહદી જિલ્લાઓની સજ્જતા સહિતની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. બેઠકમાં શ્રી પટેલે તણાવપૂર્ણ સ્થિતિમાં સંબંધિત જિલ્લાઓના સરહદી ગામોમાં સ્થળાંતર માટેનું આયોજનના કરવા સાથે નાગરિક સંરક્ષણની સજ્જતા, સલામતી સ્થળોની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંસાધનોની પૂરતી ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી. તેમણે રાજ્યના સરહદી વિસ્તારોમાં ભૂમિદળ, નૌકાદળ, વાયુસેના, તટરક્ષક અને સરહદ સુરક્ષા દળની કામગીરીની પ્રશંસા કરી હતી.

દરમિયાન, સરહદી જિલ્લાના કલેક્ટર અને પોલીસ વડાઓએ પોતાના જિલ્લામાં હાથ ધરાયેલા સુરક્ષા સલામતી વ્યવસ્થાપનની વિગતો વિડિયો કોન્ફરન્સથી આપી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ અને સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# HARSH SANGHVI MEET

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર સુરક્ષા દળોની હિલચાલ અંગે પોસ્ટ મૂકનાર સામે કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથેની વર્ચ્યુઅલ બેઠકમાં શ્રી

સંઘવીએ જણાવ્યું કે સોશિયલ મીડિયા પર સેનાનું મનોબળ તુટે તેવા લખાણો પોસ્ટ કરનાર લોકો સામે ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે દેશ વિરોધી પોસ્ટ મૂકનાર 4 લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સાચી માહિતી જિલ્લા તંત્ર તરફથી આપવામાં આવશે માટે નાગરિકોને અફવાથી દૂર રહેવા પણ તેમણે જણાવ્યું.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . .

# RUSHIKESH BETHAK

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાઓના આરોગ્ય અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીઓ બેઠક યોજી. આ બેઠકમાં તેમણે કટોકટીની પરિસ્થિતિમાં આરોગ્યલક્ષી જરૂરી તમામ વ્યવસ્થાઓ માટે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત શ્રી પટેલે સરહદી જિલ્લાઓને કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી વળવા આરોગ્ય સુવિધાઓના મજબૂતીકરણ કરવા પણ સૂચનાઓ આપી હતી.

. . . . . . . . . . . .

# LEAVE CANCELLED

ભારત પાકિસ્તાન સંઘર્ષની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારના બધા જ વિભાગો અને ખાતાઓ તેમજ બોર્ડ, નિગમો,

પંચાયત, મહાનગરપાલિકા તથા સ્વાયત અને અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ-કર્મચારીઓની અનિવાર્ય સંજોગો સિવાયની બધા જ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે.

સત્તાવાર યાદી અનુસાર રજા પર ગયેલા આવા અધિકારી-કર્મચારીઓને તાત્કાલિક અસરથી ફરજ પર હાજર કરવાની સૂચનાઓ પણ સંબંધિત વિભાગ કે ખાતાના વડાને અપાઈ છે. અધિકારી-કર્મચારીઓએ પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિભાગના વડા, ખાતાના વડા કે કચેરીના વડાની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય મુખ્યમથક નહીં છોડવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

દરમિયાન, રાજ્યમાં આગામી 96 કલાક એટલે કે 4 દિવસ સુધી ડ્રોન ઉડાડવા પર અને 15-મે સુધી પ્રચંડ અવાજ કરતા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકાયો છે. આ નિર્ણયનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# VALSAD HOSPITAL

વલસાડ સિવિલ હોસ્પિટલમાં કટોકટીની સ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે. 800 પથારીની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલમાં 200થી વધુ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. હોસ્પિટલની બ્લડ બેંકમાં તમામ બ્લડ ગ્રૂપના પૂરતા યુનિટ્સનો સ્ટોક રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત જરૂરી તમામ દવાઓનો પૂરતો જથ્થો પણ ઉપલબ્ધ કરાયો છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

# Porbandar-fisherman

ભારત પાકિસ્તાન વચ્ચે વર્તમાન તણાવની સ્થિતિ જોતાં પોરબંદર જિલ્લામાં  માછીમારી કરવા ગયેલા માછીમારોને  દરિયામાં થી પરત ફરવાનો આદેશ અપાયો છે. અમારાં પોરબંદર જિલ્લાના પ્રતિનીધી મહેશ લૂકકા જણાવે છે કે માછીમારોને  કોઈ શંકાસ્પદ પ્રવૃતિ જણાય તો  તેની તાત્કાલિક જાણ  સ્થાનિક મરીન પોલીસ તથા કોસ્ટગાર્ડને કરવા જણાવાયું છે.

(બાઈટ- ટી. જે. કોટીયા (ફિશરીશ અધિકારી)

. . . . . . . . . . . .

# Tapi - Mukesh Patel

ભારત -પાકિસ્તાન વચ્ચે ચાલતા સંઘર્ષ વચ્ચે તાપી જિલ્લામાં આવેલ ઉકાઈ ડેમ, થર્મલ પાવર સ્ટેશન સહિતના સંવેદનશીલ સ્થળો ખાતે રાજ્યના મંત્રી તેમજ જિલ્લાના પ્રભારી મંત્રી મુકેશ પટેલ દ્વારા સુરક્ષા બેઠક યોજવામાં આવી. જેમાં વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

(બાઈટ :- મુકેશ પટેલ (મંત્રી)

. . . . . . . . . . . .

# SABARKANTHA - VIRENDRA KUMAR

કેન્દ્રીય મંત્રી ડૉ. વિરેન્દ્ર કુમારે જણાવ્યું, SEED યોજનાથી વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતી જાતિઓને આવકના સ્ત્રોતો વિકસાવવાની તક મળી. સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે વિમુક્ત, વિચરતા અને અર્ધ વિચરતા સમુદાયો સાથે "ચૌપાલ સભા" માં શ્રી કુમારે આ મુજબ જણાવ્યું હતું. તેમણે સ્થાનિક લોકો સાથે સંવાદ સાધી તેમના પ્રશ્નોને સાંભળ્યા હતા. આ સાથે તેમણે ઓપરેશન સિંદૂર માટે દેશના સાહસી સૈન્યબળને

બિરદાવ્યુ  હતું. આ સભામાં શ્રી કુમારે વિવિધ લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કર્યું હતું.

. . . . . . . . . . . .

# DISTRICT RAIN FALL

રાજ્યમાં કમોસમી વરસાદનું જોર ઘટતા આજે માત્ર 37 તાલુકામાં વરસાદ વરસ્યો હતો. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં અંદાજે એક ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉંઝા, વાગરા, આહવા અને સુરતના જિલ્લાના મહુવામાં અડધા ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. દરમિયાન, મહીસાગર જિલ્લામાં બાલાસિનોરમાં ભારે પવનથી મોટરસાઇકલ પર વૃક્ષ પડતાં દંપતીને ઇજાઓ પહોંચી હતી. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

. . . . . . . . . . . .

# AMDAVAD- TRAIN CANCELL

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ થી ચાલનારી કેટલીક ટ્રેનોને રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં તારીખ 10 મે 2025ના  ભુજ-રાજકોટ-ભુજ વિશેષ ટ્રેન, 9 મે 2025ના  અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ, 10 મે 2025ની ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ, 9 મે 2025ની જોધપુર-ગાંધીધામ એક્સપ્રેસ તેમજ તારીખ 10 મે 2025ની ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ રદ્દ કરવામાં આવી છે.ટ્રેનના સમય, સ્ટોપેજ

અને સંરચના અંગે વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પર મળશે.

. . . . . . . . . . . .

# PATAN ACCIDENT

પાટણના હારીજ-સમી ધોરીમાર્ગ પર કઠિવાડા ગામ નજીક ટેમ્પો, ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થતાં બે લોકોનાં મોત થયા છે. અકસ્માતની ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના કારણો અને વધુ વિગતો જાણવા માટે તપાસ શરૂ કરી હતી.

. . . . . . . . . . . .

# JAPAN EXPO-GUJARAT

જાપાનના ઓસાકા ખાતેના વર્લ્ડ એક્સ્પો 2025ના ભારત પેવેલિયનમાં ગુજરાતનો દબદબો જોવા મળી રહ્યો છે. એક્સ્પો શરૂ થયાના પાંચ દિવસ સુધી દરરોજ સરેરાશ 11 હજાર મુલાકાતીઓએ ભારત પેવેલિયન ખાતેના ગુજરાત ઝોનની મુલાકાત લીધી છે. આ ઝોનમાં ગુજરાતના સમૃદ્ધ ઇતિહાસને રજૂ કરતી કલાકૃતિઓ તેમજ જાપાની ભાષામાં શ્રીમદ્ ભગવદ ગીતા દર્શાવવામાં આવી છે.

. . . . . . . . . . . .